# ભારતરત્ન ડૉ. ભીમરાવ આમ્બેડકરની જન્મજયંતિની ઉજવણી
# ‘સમાજ, સમરસતા અને શિક્ષણ’

તા. ૧૪/-૪/૨૦૧૯ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિત્તે યુનિવર્સિટીમાં ‘સમાજ, સમરસતા અને શિક્ષણ’ વિષય પર કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની ઉદઘાટનમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય, રાષ્ટ્રીય કન્વીનર અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ખાસ મહેમાનશ્રી ભીખુ દાદા ઈદાતે, વિવિધ સમાજસેવા સંસ્થાના સંયોજક અને અધ્યક્ષશ્રી સુનીલ મહેતા, ડૉ. જયંતિ ભાડેસિયા તથા શ્રી કિશોર મકવાણા હાજર રહી ડૉ. બાબાસાહેબ આંબેડકરજીનાં વિચારરૂપે ‘સમાજ, શિક્ષણ અને સમરસતા’ પર દિશાસૂચક વક્તવ્ય આપ્યું હતું. સમાજમાં સમરસતા કેળવણીથી જ કેળવાય છે. એકતા અને સહિષ્ણુતા પર ગહન ચિંતન અને ઉમદા વિચારો વ્યક્ત કરી સમરસતાની ભાવના સહુમાં કેળવાય તેમ કાર્યક્રમને ખૂબ સફળ રીતે ઉજવ્યો હતો. કાર્યકમના અંતમાં રાષ્ટ્રગાન ગાઈ ડૉ. ભીમરાવ આંબેડકરજીને વંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગુજરાતી વિષયના અધ્યાપક લેખક દિનુ ભદ્રેસરિયાના પુસ્તક ‘ચાલો, વિશ્વવિભૂતિ ડૉ. આંબેડકરને ઓળખીએ’નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.













